પેથાપુર પોલીસે રૂપાલમાં પત્તા ટીચતા પાંચ જુગારીયા પકડ્યા

બાતમીના આધારે છાપો માર્યો : ત્રણ બાઈક અને ત્રણ મોબાઈલ સહિત રૂ. ૨૭૦૧૦નો મુદ્દામાલ ઝડપ્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર પાસેના રૂપાલ ગામમાં પેથાપુર પોલીસે છાપો મારતા પાંચ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. જુગારીઓ પાસેથી રૂ. ૨૭૦૧૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પાંચે શકુનીઓને ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામમાં જાહેરમાં પાના ટીચતા પાંચ શકુનીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમાં પટેલ રમેશ જોઈતા, ચાવડા દિલીપસિંહ રજુજી, ગજ્જર જીજ્ઞેશ નરેશ, ચાવડા શંકરજી બાબુજી અને પટેલ વિષ્ણુ છગનને બાતમીના આધારે પકડી પાડવામાં આવ્યા હતા. આ જુગારીઓ પાસેથી રૂ. ૨૦ હજારની કિંમતના ત્રણ બાઈક, રૂ. ૩ હજારની કિંમતના ત્રણ મોબાઈલ અને રૂ. ૪૦૧૦ રોકડ સહિત રૂ. ૨૭૦૧૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પાંચેય જુગારીઓ વિરૂદ્ધ ગુન્હો નોંધવામાં આવ્યો છે. આ અંગેની તપાસ પેથાપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી.બી. વાળા ચલાવી રહ્યા છે.

ઉત્સાહી નગરજનોને હવે પોલીસ નાઈટ પેટ્રોલીંગની જવાબદારી સોંપશે

જિલ્લાભરમાં જનરક્ષક યોજના હેઠળ યુવકોને નવી ઓળખ પણ મળશે અને નગરજનોની સુરક્ષા કરવાની તક પણ મળશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા પોલીસનું મહેકમ ગાંધીનગરની સ્થાપના થઈ ત્યારથી બદલાયું નથી. હાલની પરિસ્થિતિ મુજબ ગાંધીનગરમાં વસ્તીની દૃષ્ટિએ જોઈએ તો પોલિસ પ્રમાણમાં ખુબ જ ઓછી છે. જેમાં વધારો કરવાની સત્તા જિલ્લા પોલીસ પાસે નથી પરંતુ જનરક્ષક યોજના જિલ્લામાં શરુ કરીને પોલીસ અને પ્રજાને મદદરૂપ થાય તેવા ઉત્સાહી યુવાનોને જનરક્ષક તરીકે ગાંધીનગર પોલીસે તમામ વિસ્તારમાંથી પસંદ કરશે અને તેમને નાઈટ પેટ્રોલીંગની જવાબદારી પણ સોંપશે.

જન રક્ષક યોજના હેઠળ ગામ કે શહેરના વિવિધ સેકટરોના ઉત્સાહી યુવાનોની યાદી બનાવવામાં આવશે અને તે યુવાનોને જન રક્ષક તરીકેની નવઓળખ આપી નિયત કરેલું મહેનતાણું પણ ગાંધીનગર પોલીસ આપશે. જન રક્ષકને પોતાના એરીયામાં રાત્રિ દરમિયાન પેટ્રોલીંગ કરી ગુનાખોરી ન થાય અથવા અસામાજીક પ્રવૃત્તિ ન થાય તેવું ધ્યાન રાખવાની પણ જવાબદારી સોંપવામાં આવશે. આ વિચારણા નજીકના દિવસમાં જ અમલી બનાવવામાં આવે તેવી શકયતા છે. એએસપી કરણરાજ વાઘેલાના જણાવ્યા મુજબ હાલના તબક્કે આ જન રક્ષક યોજના માટે ઉત્સાહી યુવાનોની તપાસ ચાલી રહી છે.

સેકટર-૬ બ્લોક નં. ૫૪/૧માં ગત મોડી રાત્રે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આગ લાગવાની જાણ થતા આજુબાજુના લોકોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી.

કરાઈ પાસે નદીમાં ન્હાવા પડેલા બે યુવાનો ડુબી ગયા

રવિવારે બપોરે ન્વાહા પડેલા પાંચ મિત્રો પૈકી એક ડુબેલા યુવાનનો મૃતદેહ બહાર નિકાળ્યો ત્યાં અન્ય એક બીજા યુવાનનો પણ મૃતદેહ મળ્યો : ફરી હદ બાબતે પોલીસ વચ્ચે ગજગ્રાહ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે કરાઈ સાયફન પાસે નદીમાં રવિવારે બપોરે ન્હાવા પડેલા પાંચ યુવાન મિત્રો પૈકી એક ડુબી ગયો હતો. તેની શોધખોળ ફાયરબ્રિગેડ કરી રહી હતી તે દરમ્યાન ડુબેલા યુવાન ઉપરાંત અન્ય એક બિનવારસી યુવાનનો પણ મૃતદેહ નદીમાંથી મળી આવ્યો હતો. કલાકો સુધી અમદાવાદ ગાંધીનગરની પોલીસ વચ્ચે હદ બાબતે ગજગ્રાહ થયા બાદ આખરે ઈન્ફોસીટી પોલીસે બંને મૃતદેહ સ્વીકારી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ ગોમતીપુર વિસ્તારના પાંચેક મિત્રો ગઈકાલે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં કરાઈ પાસે

નદીમાં ન્હાવા પડ્યા હતા. જે પૈકી ૨૭ વર્ષિય ધર્મેન્દ્ર દશરથભાઈ કોસ્ટી નદીમાં ડુબી ગયો હતો. મોડી સાંજ સુધી પોલીસ હદ નક્કી કરવામાં વ્યસ્ત રહી અને ફાયરબ્રિગેડ પહોંચી તો અંધારામાં બોડી મળે તેમ ન હોવાથી આજે સવારે પુનઃ શોધખોળ શરૂ કરી હતી. ધર્મેન્દ્રનો મૃતદેહ ફાયરબ્રિગેડને મળ્યો તેની સાથોસાથ અન્ય એક ૨૦ થી ૨૫ વર્ષના અજાણ્યા યુવાનનો પણ મૃતદેહ મળી આવ્યો હતો. કલાકો સુધી અમારી હદ નથી કહીને પોલીસે હદની માથાકુટ મૃતકના પરિવારજનો સામે જ શરૂ કરી દેતા પરીવારજનો પણ રોષે ભરાયા હતા. આખરે ઈન્ફોસીટી પોલીસે મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે મોકલી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

સૂર્યસિંહ ડાભી બુધવારે ચાર્જ સંભાળશે

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના નવ નિયુક્ત પ્રમુખ સુર્યસિંહજી ડાભી જિલ્લા કાર્યાલય ખાતે તા. ૧૭-૬-૨૦૧૫, બુધવારના રોજ સવારે ૧૦ કલાકે શુભ મુહૂર્તમાં વિધિવત રીતે કાર્યભાર સંભાળશે. સુર્યસિંહ ડાભી ગાંધીનગર જિલ્લા/તાલુકાના વરિષ્ઠ આગેવાનો અને કાર્યકરોની ઉપસ્થિતિમાં ચાર્જ સંભાળશે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના કોંગ્રેસ સમિતિના સૌ કાર્યકરોને વિશાળ સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરોને સમયસર અચુક ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવાયું છે.

ચોમાસા પૂર્વે વાવોલમાં વિજળી વેરણ થઈ

સવારના ૬ થી બપોરના ૨ વાગ્યા સુધી વિજળી એ પરેશાન કર્યા : એપાર્ટમેન્ટસની ઓવરહેડ પાણી ટાંકીઓ ખાલી થઈ જતા બાળકોને સ્કૂલે અને રહીશોને નોકરી ધંધાના સ્થળે જવામાં મોડુ થયુ : યુજીવીસીએલ પ્રત્યે રહીશોમાં રોષની લાગણી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલમાં આજે વહેલી સવારથી વિજળીના ધાંધિયા ચાલુ થઈ જવા પામ્યા હતા.જેના કારણે આ વિસ્તારના રહીશો અને ગ્રામજનો ભારે પરેશાનીનો ભોગ બન્યા હતા. વિજળીના અભાવે સવારના સમયે આ વિસ્તારના મોટા ભાગના એપાર્ટમેન્ટસમાં ઓવરહેડ ટેન્કમાં પાણી ખાલી થઈ જવાના પ્રસંગો સર્જાયા હતા જેના કારણે ઓફિસ-ધંધા વ્યવસાયના સ્થળે જવામાં રહીશોને મોડુ થઈ જવા પામ્યું હતું. અને બાળકોને શાળાએ જવામાં પણ મુશ્કેલી પડી હતી. સમગ્ર વિસ્તારમાં લાઈટો સવારના ૬ થી બપોરના ૨ વાગ્યા સુધી બંધ રહેવા પામી હતી.

વહેલી સવારથી જ લાઈટો ગુલ થઈ ગયેલી હોવાથી મોટા ભાગના એપાર્ટમેન્ટસની ઓવરહેડ ટાંકીમાં પાણી ચઢાવવાની મોટરો બંધ રહી હતી જેના કારણે સવારના ખ્હોરમાં જ બાળકોને સ્કૂલે જવા તૈયાર થવામાં મુશ્કેલી પડી હતી. તે ઉપરાંત રહીશોને પણ પોતાના નોકરી, ધંધા વ્યવસાયના સ્થળે સમયસર પહોંચવામાં મોડું થઈ જવા પામ્યું હતું. સવારના સમયે જ નળમાં પાણી ના આવવાથી ગૃહિણીઓનું ગૃહકાર્ય ખોરંભે ચઢયું હતું. ઘણા રહીશોના ઘરમાં કજીયા કંકાસ થવા પામ્યા હતા તો એપાર્ટમેન્ટસના રહીશો અને વહીવટકર્તાઓ વચ્ચે પણ તુતુ-મૈં મૈંના દૃશ્યો સર્જાયા હતા. સરવાળે બાળકોને શાળાએ જવામાં અને રહીશોને નોકરી ધંધાના સ્થળે જવામાં મોડુ થઈ જવા પામ્યું હતું.

વાવોલ ગુડા વિસ્તારમાં ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા વિજળી સપ્લાય કરાય છે અને દર વર્ષે ચોમાસાના સમયે વાવાઝોડા, વંટોળ અને વરસાદ વખતે લાઈટો ગુલ થઈ જવાની સમસ્યા સતાવતી હોય છે. આ વખતે જો કે વરસાદના પ્રારંભ પહેલા જ કોઈ પણ જાતના વાવાઝોડા-વંટોળ વિના વિજળી વેરણ થઈ જતા રહીશોમાં ભારે રોષની લાગણી ફેલાવા પામી હતી. આગામી દિવસોમાં જયારે ચોમાસું પ્રારંભ થશે ત્યારે આ વિસ્તારમાં લાઈટની પરિસ્થિતિ કેવી રહેશે તે અંગે રહીશોમાં અનેક તર્ક વિતર્ક સાથે ઉત્તર ગુજરાત વિજ કંપની અંગે તીવ્ર આક્રોશની લાગણી પ્રવર્તી રહી છે.

પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં અબિડૂઝ કેમ્પ યોજાયો

ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં તા. ૧ ઉમી જૂન શનિવારે અબિડૂઝ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વાલીઓને સામેલ કરી તેમની સાથે સંવાદ કરવાનો મોકો ઉઠાવાયો હતો. અબિડૂઝ કેમ્પમાં શાળાની પ્રવૃત્તિઓ અંગેની માહિતી વૈવિધ્યભરી રીતે પ્રસ્તુત કરવામાં આવી હતી. આ કેમ્પમાં વિવિધ સ્ટોલ્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓની સલામતી, સ્કૂલ પરિવહન, પોર્ટલ અંગેની માહિતી તેમજ માર્ગદર્શન જેવા વિષયો આવરી લેવાયા. આ કેમ્પમાં શાળાના આચાર્યા રાજદિપ જૈન સહિત શિક્ષકો સાથે વાલીઓએ પરામર્શ કર્યો હતો.

ચિલોડા મોટામાંથી દારૂની ખેપ મારતો ખેપિયો ઝડપાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર પાસેના ચિલોડા ચાર રસ્તા પાસેથી બસમાં દારૂની ખેપ મારતા ખેપિયાને બાતમીના આધારે ચિલોડા પોલીસે ઝડપી પાડયો હતો. ખેપિયા પાસેથી પોલીસે રૂ. ૩૫૨૦ની કિંમતનો ઈંગ્લીશ દારૂ ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દારૂના દુષણને ડામવા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. આજે બપોરના સમયે ચિલોડા ચાર રસ્તા પાસે ચિલોડા પોલીસે બાતમીના આધારે દારૂની ખેપ મારતા ખેપિયાને ઝડપી પાડયો હતો. ઉદેપુરથી અમદાવાદ આવતી રાજસ્થાન સરકારની બસમાંથી હરિશ કાનજીભાઈ બરંડા રહે. કાકરાડુંગરા, તા. ખેડવાડા, જિ. ઉદેપુર કાપડની થેલીમાં ઈંગ્લીશ દારૂ લઈને ઉતરતો હતો. ચિલોડા પોલીસે થેલામાં તપાસ કરતા આઠ નંગ ઈંગ્લીશ દારૂની બોટલો કિંમત રૂ. ૩૫૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દારૂની ખેપ મારતા ખેપિયા વિરૂધ્ધ પ્રોહિબીશન વિરૂધ્ધુ ગનો નોંધી પી.એસ.આઈ. આર.એસ. રાજપુતે વધુ તપાસ હાથ ધરી છે.

કડી સંચાલિત બી.એડ., એમ.એડ. કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ.કોલેજ, વકીલશ્રી ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન (એમ.એડ.) અને એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન કોલેજોમાં એન.સી.ટી.ઈ.ના રિવાઈઝડ ઓર્ડર પ્રમાણે પ્રવેશ કાર્યવાહીનો આરંભ કરવામાં આવ્યો હતો. આ કોલેજોમાં પ્રવેશ મેળવનાર મેરીટોરીયસ વિદ્યાર્થીઓ માટે શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિયલ સ્કોલરશીપ, સરકાર દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપનો લાભ T.E.T., T.A.T., CCC, N.E.T., SLET ના ફ્રી વર્ગો, નિષ્ણાત અને અનુભવી અધ્યાપકો દ્વારા શિક્ષણ મેન્ટરશીપ દ્વારા વિદ્યાર્થીઓને વ્યકિતગત માર્ગદર્શન, છોકરા અને છોકરીઓ માટે અદ્યતન હોસ્ટેલની સુવિધા તેમજ પ્લેસમેન્ટ દ્વારા શાળામાં શિક્ષક તરીકેની નિમણુંક અપાવવામાં આવે છે.

શાળા પ્રવેશોત્સવ સામે ગાંધીનગર જાગૃત નાગરકિ પરિષદનો ઉગ્ર આક્રોશ

ગાંધીનગર, તા.૧૫

હમણાં હમણાં થોડાક વર્ષોથી શાળા પ્રવેશોત્સવને ઉત્સવ ગણી બાળકોને શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાય છે. જેમાં વહીવટના ટોચના અધિકારીઓ-પદાધિકારીઓને જોડવામાં આવે છે. પરિણામે પ્રજાની મુશ્કેલીઓ વધી જાય છે. ખરેખર વિદ્યાર્થી અને શિક્ષકો એક બાજુ રહી જાય છે. અધિકારીઓનો જ કાર્યક્રમ હોય તેવો દેખાવ થાય છે અને સંદેશો જાય છે. ફોટાઓ-પ્રચાર માધ્યમોમાં શિક્ષકોનું જરા પણ યોગદાન નહિ જણાતાં સનદી અધિકારીઓથી માંડી સરકારી ઉત્સવ બની રહી છે.

ગુજરાતના ખૂણે ખાંચરે આવેલ માનવવસ્તીના બાળકોનું શું? હજારો અગરિયાઓના બાળકોના શિક્ષણ માટે સરકાર નરી ઉપેક્ષા સેવતી હોય છે. ગગનચુંબી ઈમારતો ઉભી થાય છે. ત્યાંના બાળ મજુરોના શિક્ષણનું શું? સાગરખેડુઓ માછીમારોના બાળકોનું શું? અંતરિયાળ વિસ્તારના જંગલોમાં પહાડોમાં આદિવાસીઓના બાળકોનું શું? હજારો બાળમજુરોનું શું? શાળા પ્રવેશ પછી શાળા છોડી જતાં બાળકોનું શું? ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકો-શિક્ષકોની સંયુકત ભાગીદારીથી બાળકોને શાળામાં પ્રવેશ અપાય તેવું શિક્ષણના હિતમાં કરવાનું ગણાશે.

શિક્ષણ બેફામ મોંઘુ થતું જાય છે. ગુણવત્તા કથળતી જાય છે. શિક્ષણ સેવાને બદલે સક્ષમ માફિયાઓનું વર્ચસ્વ વધે છે. શિક્ષકો પાસે શિક્ષણ સિવાય અન્ય કામગીરી સોંપાતા શિક્ષણ કથળે છે. સરકારી શાળાઓ બંધ થાય છે. ખાનગી શાળાઓ પોષણ પામે છે. શિક્ષણની ગુણવત્તા સુધારવા એક પંચ રચવાની જરુર છે. જેનો અહેવાલ મળેથી તટસ્થ અમલ કરવો જોઈએ તેમ શ્રી લવજીભાઈ વાડીઆ પ્રમુખશ્રી ગાંધનગર શહેર જાગૃત નાગરિક પરિષદે જણાવેલ છે.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળામાં વાલી પરિસંવાદ યોજાયો

કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં તાજેતરમાં ધોરણ-૧ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથેનો પરિસંવાદ અને વાલી સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. નાથીબા હોલમાં યોજાયેલા વાલી પરિસંવાદ કાર્યક્રમમાં સૌ પ્રથમ વેલકમ સોંગ અને પ્રાર્થના યોજાઈ હતી. આ પ્રસંગે શાળા પરિવારના શિક્ષકો દ્વારા શાળા પરિચય આપવામાં આવ્યો હતો. સમગ્ર વાલી પરિસંવાદ અને વાલી સંમેલન કાર્યક્રમમાં શિક્ષકોએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન (પી.પી.ટી.) રજૂ કર્યું હતું. તેમજ આચાર્યશ્રીએ બાળકોને અભ્યાસમાં કાર્યરત કરવા માટે કેવી કાર્ય પદ્ધતિ અપનાવવી જોઈએ તેની સુંદર રજૂઆત કરી હતી. શિક્ષકો અને વાલીઓ એક બીજાને જાણે તથા કામગીરીમાં સુમેળભર્યો વ્યવહાર કેળવી શકાય તે આ કાર્યક્રમનો આશય હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૮

તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :
હમારી અધુરી કહાની : ૩૬.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
હમારી અધુરી કહાની : ૧૨.૪૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦
દિલ ધડકને દો : ૬.૩૦

સ્ક્રીન-૩ :
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૩ડી : ૧૨.૧૫. ૭.૪૫
જુરાસિક વર્લ્ડ (અંગ્રેજી) ૩ડી : ૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧૨.૪૫, ૬.૪૫
દિલ ધડકને દો : ૩.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૫ :
હમારી અધુરી કહાની : ૧૦.૦૦, ૩.૪૫
દિલ ધડકને દો : ૧૨.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

વૃષભ : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

મિથુન : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

કર્ક : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ- પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

સિંહ : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

કન્યા : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

તુલા : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

વૃશ્ચિક : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

ધન : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

મકર : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

કુંભ : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

મીન : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

ચિરવિદાય

- સ્વ. વિનુભાઈ અંબાલાલ પટેલ (ઉ.વ.૭૯) પ્લોટ નં. ૬૦૧, આદર્શનગર, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. બબીબેન સંપતભાઈ દંતાણી (ઉ.વ.૭૦) પ્રેસ ચોકડી છાપરાં, સે-૨૮, ગાંધીનગર